ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.

Date: 28th May, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,
................................., ભાવનગર.

## વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર દ્વારા 'Only One Earth' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

પૃથ્વીના ઉત્પતિ સમયથી વનસ્પતિનું સર્જન થયેલું છે. સમયાંતરે અનેક જીવોની ઉત્પતિ દ્વારા અલગ અલગ પ્રકારથી વનસ્પતિઓનો ઉપયોગ થતો આવ્યો છે. પરંતુ અત્યાધુનિક સુવિધાઓ અને જરૂરીયાતો સંતોષવા વનસ્પતિની સાથે અનેક જીવોની સમગ્ર જાતિ-પ્રજાતિઓ લુપ્ત થઇ છે અને સંકટમાં મુકાઇ છે. સમય સાથે હવે સમજાઈ રહ્યું છે કે જો તમામ વનસ્પતિનો નાશ થશે તો પૃથ્વીનો વિનાશ દુર નથી. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આપણા આસપાસના પર્યાવરણના સંરક્ષણ માટે જાગૃતિ લાવવા માટે વિશ્વ પર્યાવરણ દિવસની પ્રથમ ઉજવણી 5 જુન 1974 ના દિવસે કરવામાં આવી હતી. દર વર્ષે ચોક્કસ થીમ સાથે આ દિવસ મનાવવામાં આવે છે.

સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૧ની ઉજવણી 'Only One Earth' થીમ પર થઇ રહી છે. જેના ભાગ રૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર સંયુક્ત ઉપક્રમે ૫ જૂન, ૨૦૨૨ રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન 'Only One Earth' વિષય ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા કુલ ચાર વય જૂથ મુજબ ભાગ લીશાકશે. A- ૫ વર્ષ થી ૧૦ વર્ષ, B- ૧૧ વર્ષ થી ૧૫ વર્ષ, C- ૧૬ વર્ષ થી ૨૨ વર્ષ, D- ૨૨ વર્ષથી ઉપરના લોકો ભાગ લઇ શકશે. પ્રત્યેક જુથમાં પ્રથમ ત્રણ વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવશે. ઉપરાંત ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવશે. લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગર દ્વારા A3 સાઈઝની ડ્રોઈંગ આપવામાં આવશે, તે સિવાય જરૂરી સામગ્રી સ્પર્ધકે સાથે લાવવાની રહેશે.

ઉપરોક્ત ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા માટે નામની નોંધણી આવશ્યક છે. નામની નોંધણી તા.03-0૬-૨૦૨૨ સુધીમાં **www.krcscbhavnagar.org** કરવાની રહેશે. વધુ માહિતી માટે 8866570111 પર સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં સંપર્ક કરી શકાશે.

28/05/22
5:10PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.